ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૯/૧૯–૨૦/ 3103 તારીખ : 7 AUG 2019

**આર.પી.એ.ડી.**

કેસ નં.૦૯/૧૯–૨૦

પ્રતિ,
શ્રી કાન્તિલાલ મગનલાલ ઠક્કર,
૩૦૬, ત્રીજો માળ, બાલાજી પેરાગોન,
એક્ષીસ બેન્ક સામે, સી.જી.રોડ,
રોક એજેન્સી હોટલની બાજુમાં, અમદાવાદ–૩૮૦ ૦૦૯.
**મો.નં. ૯૮૨૫૦ ૨૩૦૮૩.**

**વિષય : વીજ કનેકશનનો વપરાશ ના હોવા છતાં ખોટું બીલ આવવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.નીલ. અત્રેની કચેરીને મળ્યા તા.૦૪.૦૪.૨૦૧૯
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૧૯–૨૦/૧૪૬૫ તા.૧૨/૦૪/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૧૯–૨૦/૧૬૬૫ તા.૦૩/૦૫/૨૦૧૯.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૧૯–૨૦/૨૦૧૮ તા.૦૧/૦૬/૨૦૧૯.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૧૯–૨૦/૨૨૯૮ તા.૨૦/૦૬/૨૦૧૯.
(૬) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૧૯–૨૦/૨૭૮૪ તા.૧૯/૦૭/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૩૦/૦૭/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર–૨.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૦૯/૧૯–૨૦** ☜

વાદી :– શ્રી કાન્તિલાલ મગનલાલ ઠકકર

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૩૦.૦૭.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી અમીતભાઈ કે. સચદેવ – (વાદીનાં પ્રતિનીધી)

પ્રતિવાદી :– શ્રી એચ. પી. રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી કાન્તિલાલ મગનલાલ ઠકકર, મુ.અમદાવાદની વીજ કનેકશનનો વપરાશ ના હોવા છતાં ખોટુ બીલ આવવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૯/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૦૯/૧૯–૨૦/૧૪૬૫ તા.૧૨.૦૪.૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૪.૦૫.૧૯, તા.૧૧.૦૬.૧૯, ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદી હાજર રહેલ નથી. ત્યારબાદ તા.૦૩.૦૭.૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદી વતી તેમના પ્રતિનીધી શ્રી અમીતભાઈ કે. સચદેવ હાજર રહેલ છ , જયારે અંતિમ મુદત તા.૩૦.૦૭.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી જેમાં વાદી હાજર રહેલ નથી. તથા પ્રતિવાદી તરફે શ્રી એચ. પી. રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમારો વીજકનેકશન ગ્રાહક નં.૭૨૬૦૮/૧૧૨૮૮/૭ જે કનેકશન કાન્તિલાલ મગનલાલ ઠકકર નામથી ચાલે છે, જેમાં પશ્ચિમ વીજ ગુજરાત કંપની લીમીટેડ તરફથી ૧૧.૦૧.૨૦૧૯ ના રોજ અમોને એક લેબ પરીક્ષણ મુજબ એવરેજ બીલની તફાવત રકમ ભરપાઈ કરવા માટે એક નોટીસ આપવામાં આવેલ, જેની ચકાસણી કરીને પુરપરછ કરતાં માલુમ થયેલ કે અમોને અમારૂ મીટર બળી જવાને કારણે અમોને આ એવરેજ બીલ આપવામાં આવ્યું છે. પરંતુ આપ સાહેબશ્રીને જણાવવાનું કે અમે છેલ્લા ૨૦૧૩ ના વર્ષથી આ મકાનમાં રહેતા નથી, જેથી આ મકાન બંધ રહે છે અને અમારા આ બંધ મકાનના જે કોઈ બીલ આવેલ છે તે અગાઉ ભરપાઈ કરેલ છે, જે વીજકંપનીની ઓફીસમાં નોંધ છે.

Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar.

..૨..

૧.૨ અમોએ પીજીવીસીએલ ઓફીસે રજુઆત કરતાં અમોને એવું કહેવામાં આવ્યું કે ૩૧ માર્ચના હિસાબે તમારે તમારૂ જે કાંઈ એવરેજ બીલ છે તે ભરી આવપું પડશે નહી તો તમારૂ વીજ કનેકશન કપાઈ જશે.

૧.૩ ૩૧ માર્ચ હોવાને કારણે અમારૂ વીજકનેકશન કપાઈ ન જાય અને વીજ કનેકશન ચાલુ રહે તે માટે અમારે ૧૧.૦૧.૨૦૧૯ ની નોટીસ મુજબ એવરેજ બીલની રકમ ભરવાની ફરજ પડેલ છે. આ અરજી આપશ્રી સાહેબને જયારે લખીએ છીએ ત્યારે અમોએ બાકી નીકળતી રકમ રૂા.૩૪૩૧૦/– ભરી આપેલ છે પરંતુ તે બીલકુલ ખોટી રીતે બીલ આપવામાં આવ્યું છે. તેમજ અમો આ મકાનમાં છેલ્લા ઘણા વર્ષોથી રહેતા નથી અને અમારૂ આ મકાન બંધ જ રહે છે. તો તેની ખાત્રી કરી અને અમારો અગાઉનો રેકોર્ડ જોઈ અમોએ જે રકમ ભરેલ છે તે રકમ પરત આપવા તથા ઝડપથી ઘટતું કરવા આપ સાહબને નમ્ર વિનંતી છે. આ સાથે નોટીસની નકલ આપની જાણ માટે જોડેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ ગ્રાહકશ્રી કાન્તિલાલ મગનલાલ ઠકકરનું તા.૨૫.૦૩.૧૭ ના રોજ મીટર બદલવામાં આવેલ, જે મીટરનું લેબોરેટરીમાં ચકાસણી નંબર–૪૭૮૫ તા.૦૯.૦૫.૧૭ ના રોજ કરતાં, મીટરનું આંતરીક સર્કીટ કાર્ડ સંપુર્ણ બળેલ હોવાનું માલુમ પડેલ. જેથી રીડીગ અવાચ્ય આવેલ હોવાથી સપ્લાય કોડનાં કલોઝ નં.૬.૫૮ મુજબ મીટર બદલ્યા પછીના એટલે કે મે–જુન–૧૭ બીલ્ડ ઈન જુલાઈ–૧૭ ના ૨૫૭૭ યુનિટ, જુલાઈ–ઓગસ્ટ–૧૭ બીલ્ડ ઈન સપ્ટેમ્બર–૧૭ ના ૧૩૩૪ યુનિટ તેમજ સપ્ટેમ્બર–ઓકટોબર–૧૭ બીલ્ડ ઈન નવેમ્બર–૧૭ ના ૧૬૪૮ યુનિટ એમ કુલ ત્રણ બીલીગ અવધીની સરેરાશમાંથી માર્ચ–એપ્રિલ–૧૭ બીલ્ડ મે–૧૭ માં મીટર ચેન્જ થયેલ હોવાથી તેના ૩૧૯ યુનિટ બાદ કરીને ૧૫૧૬ x ૩ = ૪૫૪૮ યુનિટનાં ગ્રાહકને ઓડીટ રીકવરી મુજબ રૂા.૩૪૩૧૦.૦૦ નું પુરવણી બીલ આપવામાં આવેલ છે. જે સપ્લાય કોડ ૬.૫૮ મુજબ ગ્રાહકે ભરવાપાત્ર થાય છે.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી શ્રી કાન્તિલાલ મગનલાલ ઠકકર સુરેન્દ્રનગર શહેરમાં ઘરવપરાશ માટેનું વીજજોડાણ ૬.૫ KW નાં લોડનું ગ્રાહક નં.૭૨૬૦૮/૧૧૨૮૮/૭ થી RGPU ટેરીફ હેઠળ ધરાવે છે.

૩.૨ વાદીનાં વીજ સ્થાપન પરનું મીટર તા.૨૫.૦૩.૧૭ ના રોજ બદલવામાં આવેલ, બદલાયેલ મીટરનું લેબ પરીક્ષણ તા.૦૯.૦૫.૧૭ ના રોજ વાદી હાજર ન રહેવાથી પ્રતિવાદી દવારા એકતરફી કરવામાં આવેલ. લેબ પરીક્ષણ દરમ્યાન વાદીનાં મીટરની સર્કીટ સંપુર્ણ બળેલ હોઈ મીટરનાં રીડીગ વાંચી શકાયેલ નહી.

૩.૩ પ્રતિવાદીએ સપ્લાય કોડ ના કલોઝ નં.૬.૫૮ મુજબ મીટર બદલ્યા પછીનાં ૩ બીલીગ સાયકલ દરમ્યાન વાદીનાં વીજમીટરમાં થયેલ વીજ વપરાશની એવરેજની ગણતરી કરી વાદીને ૪૫૪૮ યુનિટ નું રૂા.૩૪,૩૧૦.૧૦ નું વીજ પુરવણી બીલ આપેલ.

Grievance Redressal Forum & Consumer P.G.V.C.L Bhavnagar.

૩.૪ વાદીનું વીજમીટર તા.૨૫.૦૩.૧૭ ના રોજ બદલવામાં આવેલ તે પહેલાના સમયગાળામાં જાન્યુ–ફેબ્રુ.૧૬ થી જાન્યુ–ફેબ્રુ.૧૭ સુધી વાદીનાં વીજ વપરાશમાં '૦' યુનિટની વીજ વપરાશ હોય પ્રતિવાદીએ વાદીનું મીટર બદલાવ્યા પછીનાં ૩ બીલીંગ સાયકલ દરમ્યાનની વીજ વપરાશની એવરેજ ગણતરી કરેલ છે, જે નીચે મુજબ છે.

| બીલીંગ માસ | વીજ વપરાશ |
|---|---|
| મે–જુન–૧૭ બીલ્ડ ઈન જુલાઈ–૧૭ | ૨૫૭૭ |
| જુલાઈ–ઓગસ્ટ–૧૭ બીલ્ડ ઈન સપ્ટેમ્બર–૧૭ | ૧૩૩૪ |
| સપ્ટેમ્બર–ઓકટોબર–૧૭ બીલ્ડ ઈન નવેમ્બર–૧૭ | ૧૬૪૮ |

તેની કુલ વપરાશમાંથી ૩૧૯ યુનિટ કે જે મીટર બદલાવ્યા પછી ખરેખર વપરાશ થયેલ તે બાદ કરી કુલ ૩ બીલીંગ સાયકલનું વાદીને ૪૫૪૮ યુનિટનું બીલ આપવામાં આવેલ છે.

વાદીને ફોરમ સમક્ષ તા.૧૪.૦૫.૧૯, તા.૧૧.૦૬.૧૯ હાજર રહેવાનું જણાવતાં હાજર ન રહેવાથી
૩.૫ તા.૦૩.૦૭.૧૯ ના રોજ હાજર રહેવા માટે છેલ્લી મુદત આપેલ, જેમાં વાદી હાજર રહી રજુઆત કરેલ કે તા.૨૫.૦૩.૧૭ ના રોજ મીટર બદલાવ્યા પહેલા તેઓનું મકાન બંધ રહેતું હતું. વાદીએ પહેલા મકાન ભાડે આપેલ, તેથી તે સમય દરમ્યાન વાદીનાં મીટરમાં વીજવપરાશ નોંધાયેલ, પરંતુ આશરે ૨૦૧૬ થી માર્ચ–૨૦૧૭ સુધી મકાન ખાલી હોવાથી વીજ વપરાશ હતી નહી. આ અંગે વાદીએ ભાડુઆત સાથે કરેલ ભાડાખત તેમજ બીજા એવીડન્સ ટપાલ દવારા દિવસ–૭ માં મોકલશે તેવું ફોરમને જણાવતાં ફોરમે વાદીને જરૂરી ડોકયુમેન્ટસ દિવસ–૭ માં ટપાલ દવારા ફોરમને રજુ કરવા જણાવેલ, તેમ છતાં વાદીએ ડોકયુમેન્ટસ ન મોકલતાં ફોરમ દવારા વાદી ને બચાવની અંતિમ તક તા.૩૦.૦૭.૧૯ ના રોજ હાજર રહેવા જણાવેલ, પરંતુ તા.૩૦.૦૭.૧૯ ના રોજ વાદી હાજર રહેલ નહી તેમજ તેમના માણસ સાથે મુદત માંગતી વધુ એક અરજી તેમજ ભાડાખતની બીનપ્રમાણિત ઝેરોક્ષ નકલ મોકલેલ છે.

વાદીએ મોકલેલ લીવ એન્ડ લાઈસન્સ એગ્રીમેન્ટમાં દર્શાવેલ નાં પેજ–૨ ના કલોઝ નં.૧ પ્રમાણે ૧૧ મહીના
૩.૬ માટે એટલે કે તા.૦૧.૧૨.૧૬ થી ૩૦.૧૦.૧૭ સુધી મકાન ભાડે આપેલ.

વાદીએ રજુ કરેલ એગ્રીમેન્ટમાં જણાવેલ મકાન ભાડાનો સમયગાળો તા.૦૧.૧૨.૧૬ થી ૩૦.૧૦.૧૭ ને
૩.૭ ધ્યાનમાં રાખતાં તેમજ ૨૫.૦૩.૧૭ પહેલાની વીજવપરાશને ધ્યાને રાખતાં એવું જણાય છે કે જે દરમ્યાન ભાડુઆત મકાનમાં રહેતા હતાં તેમ સમયમાં એટલે કે તા.૦૧.૧૨.૧૬ થી ૨૫.૦૩.૧૭ દરમ્યાન ભાડુઆત રહેતા હતા તેમ છતાં વીજ વપરાશની નોંધ મીટરમાં થયેલ નથી, તેથી આ સમય દરમ્યાન વીજવપરાશ હોવા છતાં મીટર બળી જવાને કારણે વીજ વપરાશની નોંધ થયેલ નથી.

ઉપરોકત તારણ નં.૩.૩, ૩.૪ અને ૩.૭ મુજબ હુકમ કરવામાં આવે છે કે વાદીને આપવામાં આવેલ
૩.૮ વીજબીલ રૂ.૩૪,૩૧૦/૧૦ નું વાદીએ ભરવાપાત્ર છે. પ્રતિવાદી તે વસુલ કરવા હકકદાર છે.

Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar.

## —:: હુકમ ::—

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૮ મુજબ હુકમ કરવામાં આવે છે."

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી. એન. આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :— ૩૦.૦૭.૨૦૧૯

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.